श्रीमान शेठ मनसुखभाइ भगुभाइना

ची. शेठ माणेकलालभाइनो

विवाह विनोद.

(લગ્ન શેઠ [illegible]ભાઈની દી. [illegible] વેરે થયાં.)

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

કવિ શીવલાલ ખુશાલભાઈ ધલવાટ.

શેખવીપુર—અમદાવાદ.

સને ૧૮૯૮. પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

[illegible]

મહેતાએ છાપ્યું.

[illegible]

श्रीमान शेठ मनसुखभाइ भगुभाइना ची. जी. शेठ माणेकलालभाइनो विवाह विनोद.

માંડવા વિશે. ધોળ.

"રઘુવરજીની ઘોડલી" એ રાગ.

પ્રથમ પારસનાથને પ્રણુમી, આરાધુંશ્રી અરિહંત, જીન ભગવંતને
મનસુખભાઈને માંડવે ટેક.

ચીરંજીવી રહો શેઠ માણેકલાલ, ભોગવો ભોગ વીલાસ,
વરો સારી વાસ જમના૦ ૧
હાંડી તકતાઓ ઉત્તમ શોભતા, રૂડા રંગીન તસબીરોદાર;
મહા છટાદાર. જમના૦ ૨
મનોહર મુનો ઝુકી રહ્યાં, વડો કરે વાલસરો ઉજાસ;
કોટી સૂર્ય પ્રકાસ. જમના૦ ૩
જાત જાતનાં ઝુમરો ઝળકતાં, ઓપે હીરાની ઉજવળ હાર;
સુશોભીત સાર. જમના૦
ગાદી તકીયા ગલેચા બીછાવિયા, સુંદર સિહાસનો તણી હાર.
ખુરસીઓ અપાર. જમના૦ ૪
ચંદની ચંદરવા ચળકી રહ્યા, ઝુકતી ઝાલર ગુલાબી મુકેલ;
તરેહદાર ટકેલ. જમના૦ ૫
તરેહ તરેહનાં તોરણો બાંધીયાં, મોતી કુસુમો કેરા હાર;
આસોપાલવનાં બાર જમના૦ ૬
વિધ વિધનાં વાજાં વાજતાં, સંગીત પ્રમાણે જેનો સુર;
આનંદ ઉપજાવે ઉર. જમના૦ ૭

ચોક વિશે ચારૂ શોભી રહ્યાં, રંગુલીઓ રચી રંગદાર;
અત્તર સુગંધ અપાર. જમના૦ ૮
સહુ સગાં કુટંબીને સ્નેહીઓ, આવ્યા ઉર ધરીને આનંદ;
વૃડાં વૃંદે વૃંદે. જમના૦ ૯
બંગલા હવેલીયો ડેરાસર સણુગારીયાં, લાલ લીલા પીળા રંગ્યા રંગ,
ધરી ઉછરંગ. જમના૦ ૧૦
શેઠ જમનાભાઇને અતી હર્ષ વાધીયો, મોદ મનમાં નહી તે માય;
છાતી બહાર છલકાય. જમના૦ ૧૧
આ અવસર તણો હર્ષ ઉભરાય, ઉરકેરી બહાર;
કહેતાં નાવે પાર. જમના૦ ૧૨
અમુલ્ય અવર આ જાણે લાધીયો, સૌને દેતાં આદર માન;
રૂડાં ખાન પાન. જમના૦ ૧૩
શેઠ મણિલાલને મહાહર્ષ વાપીઓ, ભાઇના વિવાનો ભલો ઉત્સાહ;
ધરે તે અથાહ. જમના૦ ૧૪
શેઠ ચંદુલાલભાઇના ચિત્તમાં, મોટો મોદઆ નહી માય;
ખુબ ખુસ થાય. જમના૦ ૧૫
સુ હર્ષ શેઠ સીવાભાઇને વાપીયો, મેનેજરને મનમાં અપાર;
કરે મીલોનો કારભાર. જમના૦ ૧૬
શેઠ છનાભાઇને હવો ઘણો, બહુ આનંદ ધરે તે ઉર;
સમતા લાયક સુર. જમના૦ ૧૭
વડો હર્ષ ચુનીલાલને વાપીયો, શેઠ લાલભાઇ મંગળદાસ;
ધરે બહુ હુલાસ. જમના૦ ૧૮
હરપીત શેઠ હોરમસજી હવા, તેમના સાહજાદા સુજાન;
ઘણા ગુણવાન. જમના૦ ૧૯
ગુજરાતજીનીંગ સ્પીનીંગ મીલના, કારકુનોને કામદાર;

ખુશ હવા અપાર. જમના૦ ૨૦

વિગેરે શેઠો સહુ શહેરના, મીલો માલીકને મોદ ન માય;
ઘણા ખુશ થાય. જમના૦ ૨૧

સુ હરખીત હવા સૌ સંઘના, વડા ગૃહસ્થો શેઠો શાહુકાર;
નાતનાં નરનાર. જમના૦ ૨૨

ઉજમણું હવું સારૂ શોભતું, નોકારશી હતી નોખદાર;
પાટયે પધાર્યા શેઠો સરદાર. જમના૦ ૨૩

મિલ માસ્તર ઇજનેરો સર્વને, મુનીમ મહેતાઓને મળ્યા પોશાક;
વગાડી વીરહાક. જમના૦ ૨૪

સર્વે મીલોના કારકુનને, સારાં સેલાં પાઘડીયો અપાઈ;
જેની જેવી મોટાઇ. જમના૦ ૨૫

સ્વજ્ઞાતીના આવ્યા સૌ શેઠીયા, માનુનીઓ મંગળ ગાય;
વિવાહ વખણાય. જમના૦ ૨૬

શેઠ નથુભાઇ દીલાસા દીલમાં, અમીર અતી હરખાય;
કૃપાળુ જે કહેવાય. જમના૦ ૨૭

શહેરના સદ્‌ગૃહસ્થને શેઠીયા, અધિકારીયોને અમલદાર;
હર્ષીત હવા અપાર. જમના૦ ૨૮

દીર્ઘાયુસ દુનિયામાં પામજો, માનવંતા શેઠ માણેકલાલ;
બ્હાદુર બુદ્ધિ વિસાલ. જમના૦ ૨૯

કુશળ રહો સદા બધુબાતણો, શ્રીપ્રભુજી શુભ સોહાગ,
સુખ ભોગવો મહાભાગ. જમના૦ ૩૦

સલામત રહો શેઠ જમનાભાઇ, મંગળકારી મંગુબાઇ;
ઉભયકેરી અધિક અધિકાઇ. જમના. ૩૧

અચળ આયુષ્યહો મણિભાઈ ભાણેજનું, કુશળ રહો કુટંબી સગાં
મીત્ર, ખલુ માંહે ખચીત. જમના૦ ૩૨.

અબોધ આસીશ કવિ શિવલાલની, અચળ રાખો શ્રીઅરીહંત,
જીન ભગવંત. જમના૦ ૩૩

સંવત્ ઓગણીસે સીતેર સાલમાં, હવાં માગસર બીજનાં લગ્ન,
મુદીત હવાં મન. જમના૦ ૩૪

ઉજમણા વિશે.

પદ–રાગ ઘોળ.

"કાયા નગર છે કારમું, જીવ જાગીને જોને." એ રાગ.

વંધા વિભૂ જીનરાજને, મોહોટુ ઉજમણુ માંડી;
વિવાહ વિનોદ વધારવા, લક્ષ સારૂ લગાડી. વંધા. ૧૨૯
પુજાઓ રચિ પેર પેરની, ધુપ નિવેદ ધરાવી;
મંગળ લીલા મહા મોદથી, રૂડી રીતે રચાવી. વંધા. ૨
મનોહર થાળો મીઠાઇ તણા, મીષ્ટ મેવાના મુકયા;
વિધાનો કીધાં વડાં વડાં, લોકો જોવાને ઢુકયાં. વંધા. ૩
આડંબર હવો ઘણો, હર્ષે ઉઝમણા કેરો;
શ્રાવક શ્રાવીકા તણો, મેળો ભરાય ઘણેરો. વંધા. ૪
વિદ્યુત દીવા વિક્ષા, કોટી ભાનુંના જેવા;
ઉજાસ આપે અતી ઘણો, તેજદારજ તેવા. વંધા. ૫
દેહેરાસર બહુ દીપતું, બંગલાનીરે પાસે;
વંદવા આવે લોકો ઘણા, ઉર કેરે હુલાસે. વંધા. ૬
એળાવડા મોરા મધ્યે, સાંજ અને સવારે;
શ્રાવક સંઘ શ્વેતાંબરી, આવે પ્રભૂજી દ્વારે. વંધા. ૭
ઉજમણુ ઉત્તમ હવું, જગ જાહેર સારૂ;
સરવ શહેરના ગૃહસ્થને, પરમ લાગેજ પ્યારૂ. વંધા. ૮
આમંત્રણોથી સૌ આવીયા, વડા વિવાહ પ્રસંગે;
દેશ અને વિદેશના, વડા વીરો ઉમંગે. વંધા. ૯

જમનાભાઇ શેઠ જક્તમાં, લ્હાવો સારો લીધો;
મંગુ શેઠાણીએ શહેરમાં, વડો વિવેક કીધો. વંધા. ૧૦
દીર્ઘાયુશ રહો દંપતી, ધનાઢ્ય સુધરમી;
સાર્થક કીધું સર્વથા, અચ્છયાં ઉદય કરમી. વંધા. ૧૧
વરરાજા વિભુધનું, દીર્ઘાયુષ થાઓ;
માનીતા માણેકલાલના, ગુણનિધી ગવાયો. વંધા. ૧૨
કુશળ સૌભાગ્ય બહુભાતણું, પ્રભૂ પારસનાથ કરજ્યો;
અખૂંટ ભંડાર સંભનાથની, કૃપા થકી ભરજ્યો. વંધા. ૧૩
કવિ શિવલાલે કથી, વડી વિનોદ વાણી;
ઉજમણા વિવાહની, ઉરે ઉલ્લટ આણી. વંધા. ૧૪

શ્રીમાન શેઠ. જમનાભાઇ ભગુભાઇ વિશે મનહર.

શેઠજી જમનાભાઇ, વડેરી વર્યા વડાઈ;
વડેરો વિવાહ માંડયો, ઉરના હુલ્લાસથી.
મેળવી મુબાર્કબાદી, અચળ રહો અનાદી;
કૃપાળ કરમ જાદી, લાયકી લખાશથી.
સવરા મંડપ જેવો, મંડપ રચ્યોજ એવો;
મહા તેજદાર તેવો, ખંત ધરી ખાસથી.
શેઠ વડા શ્વેતાંબરી, વિમળ કીરતિ વરી;
ધવળ પદવી ધરી, ભાનું જેવા ભાસથી. ૧
ભગુ સુત ભાગ્ય માન, બ્હાદુર બુદ્ધિ વિસાળ;
પર્ણાવી માણેકલાલ, શેઠ સુંદીરને.
જણાવી સારી જીહોસી, ખુબ ધરીને ખામોસી;
અપાયાં અનેક માન, ધરમીષ્ટ ધીરને.
સંઘ સહુ સમુદાય, ખુબ ખુબ ખુશી થાય;

દરષજ હવો અતિ, ઉદાર અમીરને.
કહે કવિ શિવરાજ, કુસળ કર્યુંજ કાજ;
વખાણે વણીક વર્ગ, નર તારા નીરને. ૨

વરરાજા વિશે.—મનહરછંદ.

માણેક માણકલાલ, બાહોશ બુદ્ધિ વિસાળ;
મુકતાજ કેરી માલ, વડા વરરાય છે.
પ્રતાપી પિતા સમાન, મર્તબાદાર મહાન;
વિર વર વિદ્વાન, પ્રાર્થથી પંકાય છે.
કેળવણી પામ્યા સારી, સદ્ગુણી સદાચારી;
અમોઘ આસીસ એથી, હરષે અપાય છે.
કહે કવિ શિવરાજ, સફળ હો સહુ કાજ;
માણેક માણક જેવા, માનીતા મનાય છે. ૧

વરઘોડા વિશે.

ધોળ.

"નાથ કૈસે ગજકો બંધ છુડાયો"—એ રાગ

વડે સુરે વાજાં શરણાઇયો વાજે, શોના સમો સૂરજ ઉદે આજે. ટેક
યસસ્વી શેઠ. માણેકલાલનો, વિવાહ છટાદાર છાજે;
માન્યજ કીધો મોટે દરજ્જે, શ્રાવક સંઘ સમાજે. સરસ. ૨
અચળ રહો આ ઉત્સવ અનોપમ, પાખંડહો સૌ પ્રાજે;
ખીલી રહો ખૂબ ખલક માંહે, અત્યાડંબરે ઝાઝે. સરસ. ૩
વડા વરઘોડામાં સુજ્ઞ શેઠોનું, સાજન સારૂ સાજે;
પધાર્યા અમીરો અધિકારી, ભડ ભગુ સુતને હાઝે. સરસ. ૪
વિવાહ માંડયો મોટા મોદથી, રૂડી રજવટ રીત રીવાજે;
મનસુખભાઈ કેરો માનીતો, કુશળતા મેળવો સહુ કાજે. સરસ. ૫

ગુમાસ્તા વિગરે બંદી જનોને, નામદાર શેઠ નીવાજે;
ઉપકારી ગૃહસ્થોને અરિહંત, માલીક કરો ન મોતાજે. સરસ. ૬
વરઘોડે વડા વિરો પધાર્યા, માતબર શેઠને માજે;
પરીમલ પ્રસંગાજ કીધી, આવેલ ગૃહસ્થોએ એક અવાજે. સર. ૭
સાહેબ પારસી સાજનમાં સૌ ઉમરા આવ્યા અધિકારી;
મીલોના માતબર માલીકો આવ્યા, દાના અમીરો દરબારી. સરસ. ૮
જાજુર માન શેઠ જમનાભાઇએ, વિશેષ શોભા વધારી;
સ્વાગત કીધી સાજન કેરી, અપાયાં અત્તર પાન સોપારી. સર. ૯
હસ્તી ઉપર આરૂઢ થએલા, શોભતા બહુ સાએલા;
ઝગ ઝગીત જવાહીર જેવા, પોશાકો સારા પહેરેલા. સરસ. ૧૦
ગહ ગહ નોબતો ગાજી રહી બહુ, સરસ સૂરે સરણાઇ;
બેંડ વાજાં બહુ તરેહનાં, રૂડા રાગો કરી છાયા છાઇ. સરસ. ૧૧
પાલખીઓ તાવદાનજ કેરો, પારકાંયે નવ દીસે;
વડેરો વરઘોડો જોઇને, હરેકનાં મન હીસ્સે. સરસ. ૧૪
દુદભી વિગરે ડંકા વાજતા, ઘણુ કરી ઘોર નાદે;
પાયગા કેરી પરીમલ સોભા, મંગળ ગાય માનુની ઝીણે સાદે. સ. ૧૫
ઉભય બાજુએ ઉભા રહ્યા બહુ, વરઘોડો જોવાને કાજે;
આડંબર દેખી હરકોઇની, ભૂખ તૃષા નકી ભાજે. સરસ. ૧૬
વિસ્તાર વડો વરઘોડા કેરો, મનોહર દીસતો ભારી;
હરખ્યાં અંતઃકરણ સર્વનાં, ખુશ હવાં નગર નર નારી. સરસ. ૧૭
વડી શોભા જોઇ વરઘોડાની, મઘવાપતી મન લાજે;
શિવલાલ કહે સુભ વિવાહ પ્રસંગે, હદ વાગી શેઠ અકલ બાજે. ૧૮
અચળ રહો આ ઉત્સાહ મોટો, અમોઘ આસીસ હમારી;
દીર્ઘાયુસ રહો દંપતી કેરું, વંદુ જીનેશ્વર જયકારી. સરસ. ૧૯

નૌકારસી વિશે.

સવૈયા એકત્રીશા. લાવણી વગેરે રાગોમાં ગવાય છે.

"નરસી મહેતા ભક્ત હરિના, જૂનાગઢના રહેવાસી" એ રાગ

સખાવતી શેઠ જમનાભાઇએ, મોદ ઘણો મનમાં લાવી;
શેઠ માણેકલાલના વિવાહ પ્રસંગે, દાનાઇ બહુ વિધ દર્શાવી. ટેક.
નોકારસી હવી નગર કેરી, ઘણાં ધ્રત પકવાનો કેરી;
સંતોષાઇ સકળ શહેરનાં, ખુશ હવા મરદો મેરી. સખાવતી. ૧
આમંત્રણો કર્યાં દેશ વિદેશે, સકળ સંઘને માન કરી;
પ્રતાપી શેઠો પધાર્યાં પાટણે, વિમળ યશ કીરતિ વરી. સખાવતી. ૨
કટોસણ વિગરે દરબારો, પરિમલ પ્રસંગે પધારી;
મનોહર મોટા વિવાહની, વિશેષ શોભા વધારી. સખાવતી. ૩
નગરશેઠજી કસ્તુરભાઈ, શેઠ બાલુભાઇ જેસંગભાઇ જયકારી;
યશસ્વી શેઠ અંબાલાલભાઇ, શેઠ પરસોતમ મગનભાઈ સદાચારી ૪
શેઠ નથુભાઇ દોલાસા દાના, શેઠ છનાભાઇ કારભારી;
પ્રતાપી સૌ પોરવાડ ગૃહસ્થો, સર્વે અમલદારો સરકારી. સખા. ૫
પ્રતાપી શેઠનાં પત્ની કહાવે, મંગુબા વિવેકી ભવ્ય ભાગી;
આસ્તીક દીલનાં ઉદાર સારાં, ધર્મતણાં રૂડાં રાગી. સખાવતી. ૬
દંપતીએ બહુ દીલ મોકળે, વડેરો આ વિવાહ કીધો;
પ્રેમધરી નીજ પુત્રજ જેવો, લહાવો લક્ષ વસા લીધો. સખા. ૭
અઠોરતેર સજ્ઝાય સાથે ઉજમણું, માંડ્યું મોકળુ મનધરી;
તેડાવ્યા જોવા તમામ ગૃહસ્થો, હરેકને આમંત્રણો કરી. સખા. ૮
ઉદાર દીલના હાલાસા શેઠ, વડા વિવેકી વેવાઇ;
ધાંછાબા પત્ની યશ્વી કેરાં, વિવાહની રચના રચાઇ. સખાવતી. ૯
કુશળ હેવાતન બબુબા કન્યા કેરૂ, સદાય સંભવનાથજી રાખો;
માનવતા શેઠ માણેકલાલભાઈ, દૈવત દુનિયામાં દાખો. સખા. ૧૦
અચળ રહો ઉત્સાહ અરિહંત, કાવ્ય કરી કવિ શીવરાજે;
જમનાભાઇ શેઠે વિવાહ વિધાને હલ્વાળી અલબાજે. સખા. ૧૧